# શાળા કૉલેજોમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી



### ઓમ લેન્ડમાર્ક સ્કૂલ

ઓમ લેન્ડમાર્ક સ્કુલ મોટા ચિલોડા ખાતે ૭૧માં પ્રજાસતાક દિવસની ખુબ જ ઉલ્લાસ પુર્વક ઉજવણી કરવામાં આવી તેમજ અ દિવસે સ્કુલમાં ફન-ફેર નું આયોજન કરવામાં આવ્યું હતું અને રોબોટિક લેબનું પણ ઉદઘાટન કર્યું હતું જેમાં મુખ્ય મહેમાન તરીકે માન. શ્રી કૃષ્ણા મોહન સિંઘ (ચિલોડા), મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ રાવલ, ટ્રસ્ટી શ્રી અશોકભાઈ રાવલ, અલ્પાબેન રાવલ, કેમ્પસ ડાયરેક્ટર સઈદાબેન કોવાડીયા જેવા અધિકારીઓ હાજર રહ્યા હતા.



### ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર

દેશની આગવી અને એકમાત્ર એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે યુનિવર્સિટીના મા. કુલપતિ હર્ષદ પ્ર. શાહ, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ, આમંત્રિત મહેમાનો વસંતભાઈ ગઢવી (એક્ઝિકયુટીવ ડાયરેકટર,અદાણી કંપની) તથા ડૉ. પ્રવિણભાઈ વાટલિયા (નિયામક, કામધેનુ યુનિવર્સિટી), ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિવાર તેમજ અત્રિ વિદ્યાલય અને સેકટર-૨૦ શાળા નં. ૧ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઉપસ્થિતિમાં ૭૧ માં પ્રજાસત્તાક દિવસની ગરિમાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિએ સ્વાગત પ્રવચનમાં પ્રત્યેક વ્યક્તિ દ્વારા પોતાની ફરજોનું નિયમિત પાલન થાય તો પ્રત્યેક દિવસ ગણતંત્ર દિવસ બની રહે તેવો વિચાર રજૂ કર્યો હતો.



### મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ

'મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા' પીંપળજ ગાંધીનગરમાં ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. ટેમજ શાળા તરફથી શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ ને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમ માં ખૂબ મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.




### શ્રી સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ભાટ

૭૧ માં ગણતંત્ર દિવસે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ભાટ ખાતે સર્વે વિધાર્થી અને સ્ટાફ મિત્રોએ ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મેહમાન શ્રી રાકેશકુમાર, ગુજરાત દમણ-દાદરાનગર ના હેડ, નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, ભારત સરકાર તેમજ રામકૃષ્ણ સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી અને સંસ્થા ના ડિરેક્ટર ધર્મેશ વંડરા ના હસ્તે રાષ્ટ્રધ્વજ વંદન પ્રોગ્રામ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે રાકેશકુમાર ભારત સરકાર દ્વારા જાપાન સાથે ના કરાર મુજબ જાપાનીઝ સ્કિલ સેન્ટર બનાવી ભારતીય યુવાનોને વિદેશમાં કારકિર્દી તક મેળવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ઠા પ્રામાણિકતા થી જ સફળતા મળે છે. જે એક રાષ્ટ્રસેવા છે. વિદ્યાર્થીઓએ પરેડ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગણતંત્ર દિવસ ની ઉજવણી કરી હતી.



### આઈઆઈટી ગાંધીનગર

ધ્વજવંદન સમારોહ પછી વિદ્યાર્થીઓ અને આઈઆઈટી ગાંધીનગર સમુદાય દ્વારા દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં અંડરગ્રેજ્યુએટ રિસર્ચ કોનક્લેવ (યુજીઆરસી)ના વિજેતાઓ અને ડીનની યાદીમાં આવેલા વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.




### કોઠા પ્રાથમિક શાળા

ગાંધીનગરના કાંઠા ગામ ખાતે કોઠા. પ્રા. શાળા તથા કોઠા હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે ૨૬મી જાન્યુઆરીના દિવસની ઊજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. શેઠ કે.એન. પટેલ હાઈસ્કૂલના આચાર્ય જાની તથા કોઠા પ્રા. શાળાના આચાર્ય સંજયભાઈ ભગોરાએ વિદ્યાર્થીઓ વાલીઓનો આભાર માન્યો હતો.

# બીબીએ કૉલેજ દ્વારા સરઢવ મુકામે એન.એસ.એસ. કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ના રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયંસેવકો માટે શિબિર નું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં ૫૧ સ્વયંસેવકો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના બાબતે વિસ્તૃત ખ્યાલ આપવા માં આવ્યો હતો.

કોલેજના સ્થાપના કાળ થી આજ સુધી ની વિવિધ સેવાકીય સમાજ ઉપયોગી પ્રવૃતિ માટે કોલેજ હમેશા અગ્રેસર રહી છે જેનો ઉલ્લેખ કર્યો હતો.જેથી વિદ્યાર્થીઓ રાષ્ટ્રનિર્માણ ની પ્રવૃતિ બાબતે સજ્જ બને.ઉપાચાર્ય ડો. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને કેમ્પ બાબતે માર્ગદર્શિત કર્યા હતા.પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના ના માધ્યમ થી વ્યકિતત્વ વિકાસ અને ચરિત્ર નિર્માણ બાબતે યુવાનો ના ઘડતર માટેનું શ્રેષ્ઠ માધ્યમ હોવાનું જણાવ્યુ હતું. અને રાષ્ટ્રનિર્માણ માટે ના પાયાનું કાર્ય રાષ્ટ્રીય સેવા યોજના થકી થઈ શકે તે બાબત પર ભાર મૂક્યો હતો. સાથે સાથે કેટલીક મહત્વપૂર્ણ બાબતો સમજાવી હતી.આમ સમગ્રલક્ષી બાબતોની ચર્ચા કરી સેવાની સાથે શિસ્ત,સમર્પણ,સત્ય અને ફરજ ના પાઠ અંહી ભણવા ના છે. તે બાબત પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારાં આ કેમ્પ દરમ્યાન ગ્રામોત્થાન માટે સફાઈ અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન, મફત મૅડિકલ સારવાર કેમ્પ, રમત ઉત્સવ, યુવાઓ તેમજ વિદ્યાર્થીઓ ને ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શિત કર્યા હતા. તેમજ લોકસંપર્ક દ્વારાં વિદ્યાર્થીઓ એ સમાજ સુધારણા ના વિવિધ કાર્યો કરાવ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમો જેમાં જન જાગૃતિ ફેલાય તેવા નાટકો ગીત સહિત ઘણા સુંદર કર્યક્રમો આપ્યા હતા. સરઢવ ગામ એટલે સર્વ વિદ્યાલય ના આધ્ય સ્થાપક પૂજ્ય છગનભાની જન્મભૂમિ વિદ્યાર્થીઓ તેમજ પ્રોગ્રામ ઓફિસર દ્વારાં તેમના નિવાસસ્થાન ની મુલાકાત લઈ તેમના જીવન વિષે જાણ્યું હતું. યુનિવર્સિટી ના NSS વિભાગ ના હેડ તેમજ શારીરિક સ્વાસ્થ્ય અને રમત ગમત વિભાગના ડિન ડો. રણછોડ રથવી સાહેબ નું માર્ગદર્શન સાંપડ્યું હતું. સમગ્ર કેમ્પ આચાર્યશ્રી ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના, ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



**દિગિ વિપુલભાઈ પટેલ**
**(મારૂતિ મંડપ)**
**મો. ૯૪૨૪૧ ૨૯૨૪૧**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેક્ટર-૭ પ્રજા સત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેકટર ૭ પ્રજા સત્તાક દિન ઉજવાયો, જેમાં સંપૂર્ણ સંકુલના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ ચૌધરીએ ધ્વજ ફરકાવ્યો. પ્રસંગોચિત્ત ઉદબોધન કર્યુ હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.નાના ભુલકાઓ તથા માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ એ ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવ્યો.

આ કાર્યક્રમ માં સંસ્થાના તમામ હોદેદારોએ હાજરી આપી. દરેક સ્ટાફ મિત્રોને અલ્પાહાર કરાવી, બાળકો ને મીઠું મોઢું કરાવ્યું હતું. આ ઉપરાંત શાળાની કુલ ૭૭ વિદ્યાર્થિની બહેનો નવી દિલ્હી રાજપથ ખાતે ૨૬મી જાન્યુ.ની ઉજવણી માં ભાગ લીધો હતો. તેમણે ગુજરાતી લોક નૃત્ય (ગરબા)ની રમઝટ બોલાવી હતી. આ વિદ્યાર્થીનીઓ આખા ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેમની સાથે શિક્ષક મિત્રો સરોજબેન તથા શ્રી નીલા બેન ગયા હતા. આ સુંદર કામગીરી માટે શાળા પરિવાર, સંસ્થાના પ્રમુખ સાહેબ હરિભાઈ ચૌધરી તથા તમામ હોદ્દેદારો એ શાળાના આચાર્યા બેન રમીલાબેન તથા માર્ગદર્શકો તેમજ વિદ્યાર્થિનીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે ભજન-સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૨૮

દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગર બાળકોનાં સર્વાંગીણ વિકાસ પર હંમેશા ધ્યાન આપે છે,આ જ ઉપલક્ષને કેન્દ્રમાં રાખીને શાળાના કક્ષા ૭ નાં વિદ્યાર્થીઓ માટે ભજન-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા અનુપ જલોટા,લતા મંગેશકર,સુરેશ વાડેકર, અને અનુરાધા પૌડવાલના નામાભિધાન સાથે ૪ જૂથોએ ભાગ લીધો હતો.

શાળાનાં સંગીત શિક્ષકોના પરિશ્રમને બિરદાવતાં શાળાના આચાર્ય શ્રી અતનુ રથે વિદ્યાર્થીઓને પણ અભિનંદન પાઠવ્યા હતા.

## આરાધના વિદ્યાવિહાર સ્કૂલ દ્વારા સરસ્વતી પૂજા અને યજ્ઞનું આયોજન



ગાંધીનગર, તા. ૨૮

આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) (વેદ ગ્રુપ) દ્વારા ૨૮મી જાન્યુઆરી, ૨૦૨૦ના દિવસે વસંત પંચમીના તહેવાર નિમિત્તે 'સરસ્વતી પૂજા તથા યજ્ઞ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પૂજામાં ટ્રસ્ટી, શિક્ષતો તથા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ શાળાના તમામ વિદ્યાર્થીઓએ આહુતિ આપી હતી અને પૂજા અર્ચના પણ કરી હતી.

# કોરોના વાઈરસનો ચેપ - વૈશ્વિક આપત્તિ

મધ્ય ચાઈના, હુબઈ પ્રાંત. ૨૦૧૯ નો ડીસેમ્બર મહિનો.

વુહાન સીટીની મધ્ય હોસ્પિટલમાં કેટલાક દર્દીઓ અજાણ્યો રોગ લઈને દાખલ થયા. તેમને



શ્વાસોશ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, સામાન્યતઃ જે દવાઓ અપાય છે તે અપાઈ પણ ચુકી છતાં પણ કેટલાક દર્દીઓને સારુ થતું જ ન હોતુ. તેમના ફેફસામાંના વિષાણુઓ સામાન્ય નહીં પણ હઠીલા લાગ્યા. આ અજાણ્યા વિષાણુઓ ના ૪૪ કેસ શોધાયા પછી ૩૧ ડીસેમ્બરના રોજ વિશ્વ આરોગ્ય સંસ્થાને તાત્કાલિક જાણ કરવામાં આવી. વિશ્વના ટોચના વૈગ્નાનિકો આ નવા વાઈરસના સંશોધનમાં લાગી પડ્યા, ચીનના વૈગ્નાનિક ડોક્ટરો એ એક તથ્ય એ શોધી કાઢ્યું કે આ તમામ દર્દીઓ એ નજીકના ભુતકાળમાં જ મચ્છી માર્કેટની મુલાકાત લીધી હતી. આ દર્દીઓના ફેફસામાંથી ૭ મી જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ સર્વ પ્રથમવાર માણસમાં નવો વાઈરસ શોધી કઢાયો, જેનું નામ કોરોના વાઈરસ.

કોરોના નામ પડ્યુ આ વાઈરસના આકારના લીધે, એનો આકાર મુગટ એટલે કે ક્રાઉન જેવો છે. મુગટનું નામ લેટીન ભાષામાં કોરોના કહેવાય છે. એટલે જ આ વાઈરસને કોરોના તરીકે ઓળખાયો. વૈગ્નાનિક નામ નોવેલ કોરોના વાઈરસ (nCov-2019) તરીકે ઓળખાય છે. આજ સુધી માણસમાં આ વાઈરસ જોવા મળતો ન હતો, માત્ર પ્રાણીઓ તથા જળચર જીવોમાં જોવા મળતો હતો. જે સર્વપ્રથમવાર માણસમાં જોવા મળ્યો છે.

આજે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં એટલે કે તાઃ ૨૫ જન્યુઆરીના બપોરે ૦૧:૪૫ વાગ્યા સુધી માત્ર ચીનમાં જ ૧૩૩૦ કેસો નોંધાયા છે. જેમાં ૮૫ લોકોના મૃત્યુ થયેલ છે. ભારતમાં હજી સુધી કોઈ કેસ અધિકૃત રીતે નોંધાયેલ નથી.

ચીનમાં અનેક લોકોને આ વાઈરસનો ચેપ લાગ્યા બાદ,૧૩ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ થાઈલેન્ડમાં ચાઈનીઝ મુસાફરી કરનાર વ્યક્તિમાં કોરોના વાઈરસના જંતુ જોવા મળ્યા. ૧૫ જાન્યુઆરી આ રોગ જાપાન પર પ્રવેશ્યો. ૨૦ મી જાન્યુઆરીએ કોરીયામાં પણ જોવા મળ્યો. ખુબ જ ટુંકા સમયમાં ૬૦ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારનાર આ વાઈરસ આખા વિશ્વને ભરડો લઈ લે તે પહેલા વિશ્વની તમામ આરોગ્ય સંસ્થાઓ અત્યારે સતર્ક થઈ ચુકી છે.

**શું લક્ષણો હોય છે આ વાઈરસના ?**



શ્રેયા ચૌહાણ
(ચીનના ગ્વાગન્ડોગ પ્રાંતના તબીબી વિદ્યાર્થીની છે)

શ્વાસ લેવામાં તકલીફ, દમ જેવા રોગની માફક દર મીનીટે ૩૦ કરતાં પણ વધારે શ્વાસોશ્વાસ ચાલતો હોય, ફેફસામાં સોજો આવી જાય છે અને ખુબ ઝડપથી પ્રસરે છે. દર ચોવીસ કલાકે સોજો ડબલ થઈ જાય છે. ફેફસાના સોજાંને કારણે શરીરના બીજા અંગોને પણ નુકશાન પહોંચે છે.

ઉધરસ, ન્યુમોનીયાના લક્ષણો જોવા મળે, નાક દદડ્યા કરે , ઝડપથી પ્રસરણ પામતાં આ રોગમાં તાવ પણ જોવા મળી શકે છે. મોટા ભાગના કીસ્સામાં ભારે તાવ જોવા મળતો નથી.

**આ રોગ ન થાય એ માટે શું કરવું ?**

(૧) હાથને સાબુ અને પાણીથી ધોવા, હાથ ધોવાની પ્રક્રિયા આશરે ૨ મીનીટ ચાલવી જોઈએ, હાથ ગંદા ન દેખાતા હોય તોપણ ધોવા જોઈએ.

- ક્યારે હાથ ધોવા ફરજીયાત છે ?
- ઉધરસ કે છીંકના સંપર્કમાં આવો ત્યારે
- કોઈ શ્વાસના દર્દીને લાવતા કે લઈ જતા કે સંભાળ લેતા
- જમવાનું બનાવતા કે જમતા પહેલા
- શૌચક્રીયા બાદ
- પ્રાણી સાથેના સંપર્ક બાદ
- મટન માર્કેટ કે મચ્છી માર્કેટની મુલાકાત બાદ

(૨) માછલી, માસ કે ઈંડાંનું ભોજન લેતા હોય તો ખુબ તાપમાનથી તેને ઉકાળીને લેવું.

(૩) કોઈ પણ પાલતું કે અન્ય પ્રાણીના સંપર્કમાં આવતાં પહેલા પુરતી કાળજી લો.

(૪) શ્વાસના દર્દીને આંખ, નાક કે ચહેરાના સ્પર્શ વખતે પુરતી સાવધાની રાખવી.

(૫) જાહેરમાં થૂંકવાની મનાઈ છે.

(૬) જાહેરમાં છીંક આવે તો હંમેશા હાથ કોણીએથી વાળી પોતાના કોણીની અંદરની બાજુ ચહેરો છુપાવી છીંક ખાવાથી વાઈરસનો ફેલાવો અટકશે.

(૭) શરદી કે ઉધરસના દર્દીઓના સંપર્ક વખત વિશેષ કાળજી રાખવી.

(૮) વાતાવરણ ની સ્વચ્છતા રાખીએ આપણા શરીરમાં કચરો કે ગંદકી ના ફેલાય તેની કાળજી રાખીએ.

(૯) આપણે પોતે તંદુરસ્ત રહેવા માટે નિયમિત કસરત, નિયમિત અને પોષ્ટીક ભોજન અને નિયમિત ઉંઘ લઈએ.

(૧૦) સગર્ભા મહિલાઓ, વૃધ્ધો , નાના બાળકોની વિશેષ કાળજી લઈએ.

(૧૧) પુષ્કળ પ્રવાહી ખોરાક લો.

(૧૨) ધુમ્રપાનની સંપૂર્ણ મનાઈ.

(૧૩) ધુળ, ધુમાડો કે રજકણવાળી જગ્યઓ ટાળવી.

(૧૪) જ્યાં અનેક લોકો ભેગા થતાં હોય એવી જગ્યાઓમાં જવાનું ટાળવું.